કંપનીઓ દ્વારા ઓછો જથ્થો મળતા પેટ્રોલ પંપ સંચાલકો અટવાયા

# નસવાડીમાં ઈંધણની ભારે અછત પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો

**ડામર** પ્લાન્ટ અને ક્વોરીઓમાં કામકાજ ઠપ્પ થવાની નોબત



(પ્રતિનિધિ) નસવાડી, તા.15

નસવાડી તાલુકામાં છેલ્લા કેટલાક દિવસો થી પેટ્રોલપંપો ઉપર વાહનો ની મોટી મોટી કતારો લાગે છે પેટ્રોલપંપ માલિકો પણ મૂંઝવણ માં મુકાયા છે એક તરફ પેટ્રોલ ડીઝલ નું વેચાણ વધી ગયું છે જ્યારે બીજી તરફ આસપાસ ના ગામો માંથી પેટ્રોલ ડીઝલ લેવા માટે મોટી સંખ્યા માં લોકો નસવાડી આવે છે અને મેઈન હાઈવે ઉપર ના વાહનો પણ પસાર થાય છે ત્યારે પેટ્રોલ ડીઝલ ની માંગ માં વધારો થતા પેટ્રોલ ડીઝલ આપતી કંપનીઓ પણ ચોકી ઉઠી છે અમુક વાર કંપનીઓ પેટ્રોલ ડીઝલ નો જથ્થો ઓછો સપ્લાય કરે છે ત્યારે અમુક પેટ્રોલપંપ ઉપર વાહનો ને જથ્થો ના મળતા જે પેટ્રોલપંપ ઉપર વધારે જથ્થો આપે ત્યાં લાઈનો લાગે છે.

છોટાઉદેપુર જિલ્લાના સાત તાલુકામાં ખેતરો માં ખેડૂતો બોર કરાવે છે પરંતુ બોર કરનાર બોર ની ગાડી ધરાવતા માલિકો ને ડીઝલ નો જથ્થો ના મળતા હાલ ખેડૂતો ના ખેતર માં બોર થઈ શકતા નથી હાલ તો ખેડૂતો મૂંઝવણ માં મુકાયા છે જ્યારે અમુક ડામર પ્લાન્ટો અને પથ્થર પીલવાની ક્વોરી ધરાવતા માલિકો ને પણ ડીઝલ ની વધારે પડતી જરૂરિયાત છે અને તેઓને ડીઝલ ના મળતા ડામર પ્લાન્ટ બંધ રાખવાની નોબત આવી છે. જ્યારે દિવસે દિવસે પેટ્રોલ ડીઝલ ની અછત ના કારણે ધંધા રોજગાર ને અસર પડી રહી છે.

## ગિફ્ટ સિટીમાં એચડીએફસી બેંક ગ્રૂપનું સ્થળાંતર, નવી ગતિ

**વડોદરા:** ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં એચડીએફસી બેંક ગ્રૂપે પોતાની હાજરી વધુ મજબૂત બનાવતાં નવા વિશાળ પરિસરમાં સ્થળાંતર કર્યું છે. ફ્લેક્સ વન બિલ્ડિંગમાં આવેલી આ નવી ઓફિસમાં હવે એચડીએફસી બેંક આઈબીયુ સહિત ગ્રૂપની વિવિધ કંપનીઓ સંયુક્ત રીતે કામગીરી સંભાળશે. 16,250 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા આ પરિસરનું ઉદ્ઘાટન એચડીએફસી બેંકના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર કૈઝાદ એમ. ભરૂચા, એચડીએફસી લાઈફની એમડી અને સીઈઓ વિભા પડલકર, એચડીએફસી એએમસીના એમડી નવનીત મુનોત તથા એચડીએફસી સિક્યોરિટીઝના એમડી ધીરજ રેલ્લી દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજપીપળાના પોઇચા નીલકંઠધામ ખાતે શ્રીમદ ભાગવત કથા

# જીવન વધારી ન શકાય પરંતુ સુધારી શકાય છે : પ્રભુ સ્વામી

(પ્રતિનિધિ) રાજપીપળા, તા.15

રાજપીપળાના પોઈચા નીલકંઠધામ ખાતે શ્રીમદ ભાગવત કથા પારાયણનું આયોજન વેલાણી પરિવારના યજમાન પદે યોજાયું. કથાના પ્રારંભ પૂર્વે આજે નીલકંઠ ભગવાન પાસે શ્રીમદ ભાગવત ગ્રંથરાજની પોથીઓનું યજમાનો દ્વારા પૂજન કરવામાં આવ્યું. શ્રીમદ ભાગવતજીને મસ્તક પર ધારી પોથીયાત્રા સત્સંગ ભવને પધારી. શ્રી પ્રભુ સ્વામી, શ્રીજીચરણદાસ સ્વામી, વક્તા શાસ્ત્રી શ્રી મંગલસ્વરૂપદાસજી સ્વામીએ તથા યજમાન ભકતોએ પૂજન કર્યું.



સુરત ગુરુકુલના વિદ્યાર્થી અને સનિષ્ઠ કાર્યકર્તા કેતનભાઇ પ્રેમજીભાઈ વેલાણી દ્વારા યોજાયેલ કથા પ્રસંગે શ્રી પ્રભુ સ્વામીએ કહ્યું હતું કે જન્મ અને મરણ વચ્ચે રહેલું જીવન કેવું જીવવું એ આપણા હાથમાં છે. જીવન વધારી ન શકાય પરંતુ સુધારી શકાય છે.

પ્રથમ સેશનમાં શ્રીમદ ભાગવતજીના મહિમાની કથાનું શ્રવણ શાસ્ત્રી શ્રી નીલકંઠદાસજી સ્વામીએ કરાવ્યું.

ભારતનું હૂંડિયામણા ડીઝલ દ્વારા બચાવવાની અપીલ કરતા પ્રભુ સ્વામીએ યજમાન કેતનભાઈને કહ્યું કે બધા પરિવારના પોતપોતાના વાહન લઈને નીલકંધામ પોઇચા આવે એને બદલે જ મોટી બસમાં શક્ય તેટલા વધુ ભક્તો બેસીને કથા સાંભળવા પધારે જેથી ડીઝલનો વ્યય ન થાય અને હુંડિયામણ આપણા ભારતને ખર્ચવું ન પડે. કેતનભાઈએ પરિવારમાં વાત કરતા સૌએ હર્ષથી એ વિનંતીને સ્વીકારી અને બસ દ્વારા કથા સાંભળવા માટે નીલકંઠધામ પોઇચા આવ્યા.

## ડોંગરેજી મહારાજની સ્મૃતિમાં પાદરામાં નવ દિવસીય ભાગવત મહોત્સવ



**પાદરા:** ગુજરાતમાં સૌ પ્રથમવાર પાદરામાં ૨૫૦ શ્રીમદ ભાગવત પારાયણ દસમ સ્કંધ નો સ્વહાકાર અને પ્રવચનો પુરુષોત્તમ માસ નિમિત્તે નવાહ્ન શ્રીમદ્ ભાગવત રસામૃત પારાયણનું આયોજન. તા.૧૭ મે ના રોજ પોથી યાત્રા યોજાશે. પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજની પાવન સ્મૃતિમાં યોજાનાર આ ધાર્મિક કાર્યક્રમનો પારાયણ આરંભ સોમવાર તા. ૧૮/૦૫/૨૦૨૬ના રોજ થશે અને પારાયણ વિરામ મંગળવાર તા. ૨૬/૦૫/૨૦૨૬ના રોજ યોજાશે. આ પ્રસગે ઉપેન્દ્રભાઈ ભટ્ટ, રમેશભાઈ પટેલ, જશવંતભાઈ ગાંધી, જીગ્નેશ જોષી, મફત ગાંધી સહીત રંગ પરિવાર ના સભ્યો તડામાર તૈયારીઓમાં જોતરાયા છે.

# ડભોઈ પાલિકાના નવા 'મહિલા પ્રમુખ' કોણ? સસ્પેન્સ યથાવત!

**21 બેઠકો** સાથે બહુમતી ધરાવતી કોંગ્રેસના બે મજબૂત ચહેરાઓ વચ્ચે સ્પર્ધા

(પ્રતિનિધિ) ડભોઇ , તા.15

ડભોઇ નગર પાલિકા ની 36 બેઠકો માટે ની 26 મી એપ્રિલે ચૂંટણી યોજાઈ હતી. જેના પરિણામ 28 મી એપ્રિલ ના રોજ આવ્યા હતા.ત્યારે કોંગ્રેસ ને 21 બેઠકો સાથે બહુમતી મળી છે.જ્યારે ભાજપ 15 બેઠકો પર વિજય મેળવ્યો છે.ત્યારે હવે પ્રથમ ટર્મ માટે બક્ષીપંચ મહિલા પ્રમુખ ની બેઠક હોવાથી કોંગ્રેસ માં ત્રણ થી ચાર નામો પર ચર્ચાઓ જામી છે.જેમાં સૌથી વધુ ચર્ચા વોર્ડ 02 માંથી ચૂંટાયેલા પુષ્પાબેન રાવળ અને વોર્ડ 05 માંથી ચૂંટાયેલા શીતલબેન પટેલ ના નામો ની છે.

ડભોઈ નગર પાલિકા માં આગામી 19 મી મે ના રોજ બોર્ડ ની રચના માટેનો તખ્તો તૈયાર કરાયો છે.નાયબ કલેકટર ની અધ્યક્ષતા માં યોજાવા જઈ રહેલ પ્રથમ સમગ્રસભા માં પાલિકા ના પ્રમુખ ની વરણી કરાશે.જેમાં કોંગ્રેસ પક્ષ ની બહુમતી હોવાથી ડભોઇ શહેર કોંગ્રેસ પ્રમુખ સતીશભાઈ રાવળ ની પત્ની પુષ્પાબેન રાવળ અને શીતલબેન પટેલ ના નામો ની છે.બંને બક્ષીપંચ મહિલાઓ છે.અને બંને ને પાલિકાના વહીવટ નો અનુભવ પણ છે.જે માટે જબરદસ્ત લોબિંગ પણ શરૂ થઈ ગયું છે.કોંગ્રેસ નું મોવડી મંડળ કોના પર પસંદગીનો કળશ ઢોળશે તે સમય જ બતાવશે.હાલ કોંગ્રેસ ના 21 માંથી કેટલાક સભ્યો નગર થી દૂર છે.જેઓ બોર્ડ ની રચના સમયે સીધા સમગ્રસભા માં હાજરી આપે તે રીતેની ગોઠવણી કરાઈ છે.જ્યારે કેટલાક ડભોઇ માં જ હાજર છે.જ્યારે ભાજપ પક્ષે બોર્ડ બનાવવામાં હાલ કોઈ રસ ના હોવાનું જાણવા મળી રહ્યું છે.જેથી જો કોઈ વિક્ષેપ ઉભા ના થાય તો કોંગ્રેસ નું સીધેસીધું બોર્ડ વહીવટ માં આવે તો નવાઈ નહીં.

સ્ટીલના ડબ્બામાં રાખેલા દાગીના ચોરાયા

# પાદરાના પધરાઈ ચોક વિસ્તારમાં ઘરફોડ ચોરી

**રૂ. 3.62** લાખના દાગીના તસ્કરો ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) પાદરા, તા.15

ફરિયાદીએ ચોરાયેલ દાગીના પાછા મળે તે માટે બાધા રાખી પરંતુ ખુબજ શોધખોળ કરવા છતાં દાગીના મળી ન આવતા આખરે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી. પાદરા નગરના પધરાઈ ચોક વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ રૂ. 3.62 લાખથી વધુના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરતા પાદરા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પધરાઈ ચોક ખાતે રહેતા અને દરજીકામ કરતા મેહુલકુમાર ઉર્ફે મોન્ટુ/મીત ધનશ્યામભાઈ મોચીએ ફરિયાદ નોંધાવી હતી કે તા. ૯ મે થી ૧૧ મે ૨૦૨૬ દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તેમના ઘરના રસોડામાં રાખેલા સ્ટીલના હુકવાળા ડબ્બામાંથી સોના-ચાંદીના દાગીના ચોરી કરી લીધા હતા. ચોરી ગયેલા દાગીનામાં સોનાની ચેન, વીંટી, બુટ્ટી, પેન્ડલ, લગડી, કાનના દાગીના, ચાંદીનું કડું, કંદોરી સહિત કુલ ૧૩ પ્રકારના દાગીનાનો સમાવેશ થાય છે.

ચોરી ગયેલા દાગીનાની અંદાજિત કુલ કિંમત રૂ. ૩,૬૨,૫૯૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે દાગીના ગુમ થયાની જાણ થતાં ઘરમા શોધખોળ કરી હતી.

ખેડ અને પિયાત માટે ડીઝલ કેમ લાવવું ? ખેડૂત વીમાસનમાં

# વાઘોડિયાના ખેડૂતોની ટ્રેક્ટર અને પાણીના પંપ માટે ડીઝલ આપવા કોંગ્રેસની માંગ

**ટ્રેક્ટર** સાથે રોડ પર બેસી આંદોલન કરવાની ચીમકી



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.15

તાલુકાના ખેડૂતોએ મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપી ટ્રેક્ટર માટે ડીઝલ આપવાની માંગ કરી વાઘોડિયા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નારણભાઈ પટેલે કરી છે ખેડૂતોએ વાઘોડા મામલતદાર ખાતે આવેદનપત્ર આપી ખેડ, થ્રેસર, પાકની લણણી કરી ઘર અથવાતો APMC સુધી માલ લાવવા માટે ખેતીના સાધનોનો ઉપયોગ થાય છે. હાલ ડીઝલ લેવા માટે ટ્રેક્ટર લઈને પંપ સુધી જવું પોસાય તેમ નથી, સમયનો અને ડીઝલનો વેડફાટ થાય તો ખેડૂતોની આર્થિક સ્થિતિ બગડે તેમ છે.ખેડૂતોની માંગ છે કે જો ટ્રેક્ટરના કાગળો અને જમીનના પુરાવા જેવા યોગ્ય દસ્તાવેજો રજૂ કરી ખેડૂતોને ટ્રેક્ટર અથવા તો પાણીના પંપ માટે ડીઝલની જરૂર પડે તો ડીઝલના યોગ્ય જથ્થો ખેડૂતોને કારવામાં ભરી આપવામાં આવે જેથી ખેતીકામમાં સરળતા રહે અને સમયનો વેડફાટ થાય નહીં. આગે વાઘોડિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને વ્યારા તાલુકા પંચાયત સદસ્ય નારણભાઈ પટેલ દ્વારા ખેડૂત હિત લક્ષને ધ્યાનમાં રાખી વાઘોડિયા મામલતદારને કાર્યકર્તાઓ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું.

જોકે ઘણા પેટ્રોલ પંપ સંચાલકો કારબામાં ડીઝલ નહીં આપતા ખેડૂતો ટ્રેક્ટર અને પાણીનો પંપ કેવી રીતે લઈ આવી ડીઝલપુર આવે..?20 લિટર ડીઝલ માટે પાંચ લિટર ડીઝલ બાળવાનું શું મતલબ. દેશના આર્થિક સંકટમાં અમે સાથે છીએ પરંતુ વડાપ્રધાનનો પોગ્રામ દરમ્યાન હજારો ગાડીઓ, બસો ઈંધણનો વેડફાટ કર્યો.

# શિનોર હનીટ્રેપ કેસ: મુખ્ય આરોપી મનીષા સહિત બેના 8 દિનના રિમાન્ડ

**નગ્ન** વીડિયો અને ધમકી આપી ફરિયાદી પાસેથી રૂા. 75.75 લાખ પડાવ્યા હતા

(પ્રતિનિધિ) શિનોર, તા.15

શિનોર પોલીસ મથકે તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ શિનોરના ફરિયાદી હરેશ રણછોડ પટેલે 9 (નવ) આરોપીઓ સામે રૂપિયા 75,75,550 બ્લેકમેલિંગ કરી લઈ ગયા ની ફરિયાદ કરી હતી. જેમાં અત્યાર સુધી કુલ 10 આરોપીઓ ઝડપી પાડીને આશરે રૂપિયા 29 લાખ નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો.

મુખ્ય આરોપી મનીષા ઉર્ફે શાંતા ભુરા વસાવા અને આશિક નો ભાઈ અહેમદ પઠાણ તારીખ 14 મે 2026 ઝડપાયા પછી શિનોર નામદાર કોર્ટમાં રજૂ કરતાં તારીખ 22/05/2026 8 દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવેલ છે. આ સમગ્ર ગુનામાં મુખ્ય આરોપી મનીષા ઉર્ફે શાંતા ભુરા વસાવા છે, કેમકે શિનોરના અનવર ટેલરે મનીષા નો ફોન નંબર ફરિયાદીને આપી અવારનવાર વાતચીત કરી, મનીષાએ ફરિયાદીને જાળમાં ફસાવેલ અને પછી મળતીયાઓ દ્વારા અલગ અલગ સ્થળે અને અલગ અલગ સમયે બોલાવી મુલાકાત કરાવી ફરિયાદી બદનામ થાય તેવી સમાજમાં અને બીજા લોકો તથા સરપંચ ને જાણ કરવાની વાતો કરી, નગ્ન વિડીયો બનાવ્યો, બળાત્કારનો પોલીસ કેસ કરી ટુકડે ટુકડે મળીને રૂપિયા 75,75,550 કઢાવ્યા હતા.

કરજણ કોંગ્રેસે બહેરા તંત્રને જગાડવા આવેદન આપ્યું

# NEET પેપર લીક: ભવિષ્ય સાથે ચેડાં અને પ્રી-મોન્સૂન કામગીરી સામે કોંગ્રેસનો આક્રોશ

(પ્રતિનિધિ) કરજણ, તા.15

આજકાલ દેશભરમાં NEET પરીક્ષાના પેપર લીકનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં છે, અને આ મામલે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ જ રોષને વાચા આપવા માટે કરજણ તાલુકા અને શહેર કોંગ્રેસે આજે એક અનોખો વિરોધ પ્રદર્શન યોજીને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર માત્ર NEET પેપર લીક પૂરતું સીમિત નહોતું, પરંતુ પ્રી-મોન્સૂન કામગીરીમાં વહીવટી તંત્રની બેદરકારીને પણ ઉજાગર કરતું હતું.



કોંગ્રેસના કાર્યકરોએ "બહેરા તંત્રને જગાડવા"ના ઉદ્દેશ્ય સાથે ઢોલ-નગારા વગાડતા તાલુકા સેવાસદન પહોંચીને સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમના હાથમાં "પેપર લીક બંધ કરો", "ભવિષ્ય સાથે છેડછાડ બંધ કરો" જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ હતા, જે યુવાનોના ભવિષ્ય પ્રત્યેની તેમની ચિંતા સ્પષ્ટપણે દર્શાવતા હતા. આ વિરોધ પ્રદર્શન માત્ર એક રાજકીય ઘટના નહોતી, પરંતુ લાખો વિદ્યાર્થીઓના સપના અને મહેનત પર પાણી ફેરવી દેતી વ્યવસ્થા સામેનો એક મજબૂત અવાજ હતો.

NEET જેવી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં પેપર લીક થવું એ માત્ર એક ટેકનિકલ ખામી નથી, પરંતુ તે શિક્ષણ વ્યવસ્થા અને યુવાનોના ભવિષ્ય પરનો ગંભીર પ્રહાર છે. આ ઘટનાથી વિદ્યાર્થીઓનો વિશ્વાસ ડગમગી જાય છે અને તેમની મહેનત નિરર્થક બની જાય છે. કોંગ્રેસે આ મુદ્દાને ગંભીરતાથી લઈને સરકારને જવાબદાર ઠેરવી છે અને આ મામલે કડક કાર્યવાહીની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

પાદરા હાઇવે પર હિટ એન્ડ રનની ઘટના

# વિશ્રામપુરા પાસે અજાણ્યા વાહનની ટક્કરે વૃદ્ધનું મોત

**વડુ પોલીસની** કાર્યવાહી: અકસ્માત સર્જી નાસી છૂટેલા વાહનચાલક સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.15

વિશ્રામપુરા ગામ નજીક પાદરા-જંબુસર હાઇવે પર સર્જાયેલા અકસ્માતમાં એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા વડુ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વિશ્રામપુરાના ઘાંચીવાળું ફળિયામાં રહેતા ભીખાભાઈ મણીભાઈ પરમાર (ઉ.વ. ૬૧) પોતાના ઘરેથી સાયકલ લઈને પાદરા-જંબુસર હાઇવે પર આવેલી ઓમ સ્કૂલ સામે ચેતનભાઈ પટેલના ખેતર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે પાછળથી સાયકલને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ભીખાભાઈને જમણા પગના અંગૂઠાના ભાગે તેમજ પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત ભીખાભાઈને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે તેમના પુત્ર વિજયભાઈ ભીખાભાઈ ચૌહાણે ફરિયાદ નોંધાવતા વડુ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી અજાણ્યા વાહન ચાલકની તપાસ હાથ ધરી છે.

કાગળ પર ખોટા બિલો બનાવી રૂ. 2.79 કરોડથી વધુ ઉચાપત કર્યા હતા

# પંચમહાલના કરોડોના શિક્ષણ કૌભાંડમાં બે મુખ્ય આરોપીઓના આગોતરા જામીન નામંજૂર

(પ્રતિનિધિ) ગોધરા તા.15

પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં શિક્ષણના નામે સરકારી નાણાંની ઉચાપત કરવાના ગંભીર પ્રકરણમાં સંડોવાયેલા બે મુખ્ય આરોપીઓની આગોતરા જામીન અરજી પંચમહાલ જિલ્લાની એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. સરકારની ઉમદા યોજનાઓમાં કોઈપણ સાધન-સામગ્રી પૂરી પાડ્યા વિના માત્ર કાગળ પર ખોટા બિલો બનાવી રૂ. 2.79 કરોડથી વધુની રકમની ઉચાપત કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી, મુજબ સાબરકાંઠાના પુજનકુમાર રમેશચંદ્ર જોષી અને નિતિનકુમાર જયંતીભાઈ પટેલએ અન્ય એજન્સીઓ સાથે મળીને આર્થિક લાભ મેળવવા માટે ગુનાહિત ષડયંત્ર રચ્યું હતું. તેઓએ સરકારી ધારાધોરણ મુજબ ખરીદી પ્રક્રિયા કર્યા વિના બનાવટી બિલો બનાવી તેને સાચા તરીકે ઉપયોગમાં લીધા હતા. આ બિલોના આધારે જે.એસ. કોમ્પ્યુટર (ગોધરા), શ્રી રામ એન્ટરપ્રાઈઝ (રાજકોટ), વેદિકા એન્ટરપ્રાઈઝ (રાજકોટ) અને અક્ષર સેફ્ટી પ્રોડક્ટ્સ (રાજકોટ) જેવી એજન્સીઓને નાણાંનું ચુકવણું કરી દેવામાં આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે આ એજન્સીઓ દ્વારા કોઈપણ પ્રકારનો માલસામાન જિલ્લાની સરકારી શાળાઓને ક્યારેય ફાળવવામાં આવ્યો ન હતો. છતાં, કુલ રૂ. 2,79,59,816 એટલે કે બે કરોડ ઓગણાએંસી લાખ ઓગણસાઈઠ હજાર આઠસો સોળની રકમ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ મામલે ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, કોર્ટમાં સુનાવણી દરમિયાન જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરે ધારદાર દલીલો કરી હતી. તેઓએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે જો કામગીરી કાયદેસરની હોય તો સરકારી કર્મચારીઓએ રાત્રિના 12:30 કલાકે શા માટે નાણાં ટ્રાન્સફર કર્યા? ઓફિસ સમય દરમિયાન થઈ શકે તેવી કામગીરી રાત્રે કરવી તે સમગ્ર બાબતને અત્યંત શંકાસ્પદ બનાવે છે. વધુમાં, સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવાયેલી ગ્રાન્ટનો દુરુપયોગ કરી ખોટી નોંધો દ્વારા નાણાં ઓળવી લેવાયા હોવાનું પણ જણાવાયું હતું.

# પાદરાના અભોર ગામે ટેપ વગાડવાની બાબતે સામસામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.15

અભોર ગામ ખાતે ટ્રેક્ટરમાં જોરથી ટેપ વગાડવાની બાબતે થયેલો વિવાદ મારામારી સુધી પહોંચતા બંને પક્ષોએ સામસામે ફરિયાદો નોંધાવી હતી. આ મામલે વડુ પોલીસ સ્ટેશન ખાતે બંને પક્ષ સામે અલગ અલગ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, અભોર પટેલ ફળીયામાં રહેતા અને ખેતીકામ કરતા ગૌતમભાઈ ભાઈલાલભાઈ પટેલ તા. ૧૩ મે ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૫ વાગ્યે પોતાના ટ્રેક્ટરથી ખેતરમાં ખેડાણ કરી રહ્યા હતા. તે દરમિયાન ટ્રેક્ટરમાં જોરથી ટેપ વાગતો હોવાથી હાર્દીકભાઈ સુરેશભાઈ જાદવ, નિતીનભાઈ સુરેશભાઈ જાદવ તથા નિરૂબેન હાર્દીકભાઈ જાદવે ઈશારો કરતો હોવાનો શક રાખી ઝઘડો શરૂ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, હાર્દીકભાઈએ લાકડી વડે ટ્રેક્ટરના સ્ટીયરિંગ તેમજ ગૌતમભાઈના હાથના કાંડા પર માર માર્યો હતો, જ્યારે નિતીનભાઈએ જાંઘના ભાગે તથા નિરૂબેને પાછળથી બરડાના ભાગે લાકડીના સપાટા મારી ઈજાઓ પહોંચાડી હતી. સાથે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, નિકુલ ઉર્ફે હાર્દીકભાઈ સુરેશભાઈ જાદવે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ ખેતર પાસે હાજર હતા ત્યારે ગૌતમભાઈ ટ્રેક્ટરમાં જોરથી ટેપ વગાડી રહ્યા હતા. ટેપ ધીમો વગાડવા કહેતાં ગૌતમભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ઢિકા-પાટુનો માર માર્યો હતો.

## સાવલીમાં 52 વર્ષીય ઈસમે અગમ્ય કારણોસર ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધુ

**સાવલી :** જાણવા મળ્યા મુજબ સાવલી નગરમાં રહેતા મહેન્દ્રભાઈ બુધાભાઈ રાજપૂત ઉમર 52 રહે દામોદર પાર્ક 2 નામના ઈસમે અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો અને સાવલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી શબ નો કબજો લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જ્યારે મૃતક ના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સાવલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડયો છે અને બનાવ અંગે સાવલી પોલીસે હાલ અકસ્માત મોત રજીસ્ટર કરી તપાસ હાથ ધરી છે મળતી માહિતી મુજબ મરનાર મહેન્દ્ર ભાઈ એક વર્ષ પહેલાં એમ જી વી સી એલ માં થી નિવૃત થયા હતા અને આજે આત્મહત્યા કરી લીધી છે.